| Volume 8 | Issue 2 | FEB. 2026

MAKTABAH JAFARIYAH Knowledge & Research Academy

The International Journal

ISSN 2581-4354

# 'ખરી મા' – માતૃત્વની માનવહૃદયસ્પર્શી અભિવ્યક્તિ

**ડૉ. વિજેતાકુમારી વી. ગામીત (અધ્યાપક સહાયક)**

*ગુજરાતી વિભાગ,*
*એસ.ડી. આર્ટ્સ એન્ડ શાહ બી.આર. કોમર્સ કોલેજ, માણસા, જિ. ગાંધીનગર પિન.382845*

## પૂર્વભૂમિકા :

ગુજરાતી સાહિત્યના વિકાસક્રમમાં ટૂંકી વાર્તા એક સશક્ત સાહિત્ય સ્વરૂપ તરીકે ઊભરી આવી છે. આધુનિક યુગમાં સમાજમાં થતા ઝડપી પરિવર્તનો, માનવીય સંબંધોની જટિલતા, આંતરિક સંવેદનાઓ અને માનસિક સંઘર્ષોને અભિવ્યક્ત કરવાની ક્ષમતા ટૂંકી વાર્તામાં વિશેષરૂપે જોવા મળે છે. સંક્ષિપ્તતામાં પૂર્ણતાની સિદ્ધિ હાંસલ કરવી એ ટૂંકી વાર્તાનું મૂળ તત્ત્વ છે, જે તેને અન્ય સાહિત્ય સ્વરૂપોથી અલગ ઓળખ આપે છે. ગુજરાતી ટૂંકી વાર્તાનો વિકાસ સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક પરિવર્તનો સાથે ગાઢ રીતે જોડાયેલો રહ્યો છે. પ્રારંભિક સમયગાળામાં નૈતિકતા અને ઉપદેશાત્મક પ્રવૃત્તિઓ પ્રધાન રહી, જ્યારે સમય જતા યથાર્થવાદ, માનસિક વિશ્લેષણ, પ્રયોગશીલતા અને ઉત્તર આધુનિક ચેતનાએ વાર્તાના વિષય અને શૈલીમાં નવી દિશાઓ ઉમેરી છે. ખાસ કરીને માનવ મનની આંતરિક ગૂંચવણો, વ્યક્તિ અને સમાજ વચ્ચેનો સંઘર્ષ, વર્ગવિભાજન, સ્ત્રીચેતના અને અસ્તિત્વવાદી પ્રશ્નો વાર્તાના કેન્દ્રસ્થાને આવ્યા છે.

ગુજરાતી સાહિત્યના ઈતિહાસમાં ટૂંકી વાર્તાએ માનવીય સંવેદનાઓ, સામાજિક પરિવર્તન અને નૈતિક મૂલ્યોને અભિવ્યક્ત કરવા માટે અત્યંત શક્તિશાળી માધ્યમ તરીકે પોતાનું સ્થાન બનાવ્યું છે. આ પરંપરામાં રમણલાલ વસંતલાલ દેસાઈનું નામ વિશેષ ગૌરવ સાથે લેવાય છે. તેમની વાર્તાઓમાં જીવનના સામાન્ય લાગતા પ્રસંગો દ્વારા માનવસંબંધોની ગૂઢ સત્યતાઓ પ્રગટ થાય છે. 'ખરી મા' એવી જ એક મહત્વપૂર્ણ વાર્તા છે, જે માતૃત્વના અર્થને પરંપરાગત ધારણાઓથી આગળ લઈ જઈને માનવીય કરુણા, ત્યાગ અને જવાબદારીના પરિપ્રેક્ષ્યમાં મૂકે છે.

**ચાવીરૂપ શબ્દો :** માતૃત્વ, ખરી મા, માનવીય સંવેદના, સાવકી મા, બાળમાનસ, ત્યાગ, કરુણા, પ્રેમ, માનસિક સંઘર્ષ, નારીચેતના, સામાજિક મૂલ્યો, ભાવનાત્મક સંબંધ, નૈતિક જવાબદારી

## સર્જક પરિચય:

### રમણલાલ વસંતલાલ દેસાઈ : જીવન અને વ્યક્તિત્વ

રમણલાલ વસંતલાલ દેસાઈ (ર.વ. દેસાઈ) ગુજરાતી સાહિત્યના એવા સર્જક છે જેમણે પોતાના લેખન દ્વારા માનવીય જીવનના વિવિધ પાસાઓને સંવેદનશીલ રીતે રજૂ કર્યા. તેઓ માત્ર વાર્તાકાર જ નહીં, પરંતુ નવલકથાકાર, નિબંધકાર અને વિચારક પણ હતા. તેમનું સાહિત્ય એક તરફ પરંપરાગત મૂલ્યોને સ્પર્શે છે તો બીજી તરફ આધુનિક સંવેદનાને પણ સમાવે છે.

ર.વ. દેસાઈના લેખનકાળ દરમિયાન ભારતીય સમાજમાં સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક પરિવર્તનો ઝડપથી થઈ રહ્યા હતા. સંયુક્ત કુટુંબપ્રથા, સ્ત્રીની ભૂમિકા, માતૃત્વ, નૈતિક મૂલ્યો અને માનવીય સંબંધો અંગે નવી વિચારધારાઓ ઉદ્ભવી રહી હતી. દેસાઈએ આ પરિવર્તનોને માત્ર નોંધ્યા જ નહીં, પરંતુ તેમને પોતાની રચનાઓમાં જીવંત રીતે ઉતાર્યા. તેમનું વ્યક્તિત્વ સરળ, વિચારશીલ અને માનવતાપ્રધાન હતું. આ વ્યક્તિત્વ તેમની રચનાઓમાં સ્પષ્ટ દેખાય છે. તેઓ માનવીને તેના દોષો સાથે સ્વીકારતા હતા અને તેથી જ તેમના પાત્રો અત્યંત જીવંત અને વિશ્વસનીય લાગે છે.

ર.વ. દેસાઈનો જન્મ ૧૨ મે ૧૮૯૨ના રોજ શિનોરમાં થયો હતો. પિતાનું નામ વસંતલાલ અને માતાનું નામ મણિબેન. લેખકનાના પિતા નાસ્તિક વૃત્તિના હતા અને માતા વૈષ્ણવ સંપ્રદાયમાં માન્યતા ધરાવતા હતા. ૨૦ સપ્ટેમ્બર ૧૯૫૪માં હૃદય બંધ પડવાથી તેમનું અવસાન થાય છે. તેઓ ગુજરાતી સાહિત્યના ઉત્તમ નવલકથાકાર, વાર્તાકાર, નાટ્યકાર, કવિ તરીકે પ્રચલિત છે.

ર.વ. દેસાઈની 'જયંત', 'શિરીષ', 'હૃદયવિભૂતિ' 'પૂર્ણિમા', 'હૃદયનાથ', 'દિવ્યચક્ષુ', 'ગ્રામલક્ષ્મી', 'કોકિલા', 'સ્નેહયજ્ઞ', 'ઝંઝાવાત'- ભા. ૧-૨ , 'શોભના', 'સૌંદર્યજ્યોત', 'ક્ષિતિજ' ભા. ૧, ૨, 'પહાડનાં પુષ્પો'- ભા. ૧, ૨, 'કાલભોજ', 'શૌર્યતર્પણ', 'બાલાજોગણ', 'શચી પૌલોમી', 'ઠગ', 'બંસરી', મરણોત્તર પ્રકાશિત 'ત્રિશંકુ' તથા 'આંખ અને અંજન' નવલકથાઓ છે. 'ઝાકળ', 'પંકજ', 'રસબિંદુ', 'કાંચન અને ગેરું', 'દીવડી', 'ભાગ્યચક્ર', 'સતી અને સ્વર્ગ', 'ધબકતાં હૈયાં', 'હીરાની ચમક' જેવા વાર્તાસંગ્રહો છે. 'સંયુક્તા', 'શંકિત હૃદય', 'અંજની', 'ગ્રામસેવા' તેમના દીર્ઘનાટકો છે. 'પરી અને રાજકુમાર', 'તપ અને રૂપ', 'પુષ્પોની સૃષ્ટિમાં', 'ઉશ્કેરાયેલો આત્મા', 'કવિદર્શન', 'બૈજુ બાવરા' તથા 'વિદેહી' તેમની એકાંકીઓ છે. 'નિહારીકા' અને 'શમણાં' એમના કાવ્યસંગ્રહો છે. 'ગઈકાલ' અને 'મધ્યાહ્નનાં મૃગજળ' આત્મકથાત્મક કૃતિઓ છે. 'રશિયા અને માનવશાંતિ' પ્રવાસવર્ણનનો ગ્રંથ છે. 'તેજચિત્રો', 'માનવસૌરભ' અને 'સ્વામી વિદ્યાનંદજી' ચરિત્રાત્મક કૃતિઓ છે.

'જીવન અને સાહિત્ય'- ભા. ૧, ૨, 'સાહિત્ય અને ચિંતન', 'કલાભાવના', 'તાવડિયા ગામનું આર્થિક અવલોકન', 'ગ્રામોન્નતિ', 'રાજબંધારણ', 'ગુજરાતનું ઘડતર', 'ઊર્મિ અને વિચાર', 'ગુલાબ અને કંટક', 'ભારતીય સંસ્કૃતિ'ના સાહિત્યવિવેચન, અભ્યાસચિંતન તથા ઇતિહાસના ગ્રંથો છે. 'સંસ્કૃતિની ઉત્પત્તિ' અને 'મારું જીવન અને કાર્યક્ષેત્ર' અનુવાદગ્રંથો છે.

રમણલાલ વસંતલાલ દેસાઈનું સાહિત્યિક યોગદાન બહુવિધ સ્વરૂપો ધરાવે છે. તેમણે ગુજરાતી વાર્તાને ભાવનાત્મક ઊંડાણ અને સામાજિક સંવેદના આપી. તેમની વાર્તાઓમાં ગ્રામ્ય અને મધ્યવર્ગીય જીવનનું સચોટ ચિત્રણ જોવા મળે છે. તેમના સાહિત્યમાં નારીજીવનનું વિશેષ સ્થાન છે. સ્ત્રીને તેઓ માત્ર પીડિત રૂપે નહીં, પરંતુ સહનશીલ, ત્યાગમય અને શક્તિશાળી માનવી તરીકે રજૂ કરે છે. માતૃત્વ, પત્નીપણું અને સ્ત્રીની આંતરિક સંઘર્ષો તેમના સાહિત્યના મુખ્ય વિષયો છે. ર.વ. દેસાઈને ઈ.સ. ૧૯૩૨માં ગુજરાતી સાહિત્યમાં યોગદાન માટે રણજિતરામ સુવર્ણચંદ્રક, 'દિવ્યચક્ષુ' નવલકથાને હરગોવિંદદાસ કાંટાવાલા પુરસ્કાર પ્રાપ્ત થયેલ છે.

'ખરી મા' જેવી વાર્તાઓ દ્વારા ર.વ. દેસાઈએ ગુજરાતી વાર્તાને નૈતિક અને ભાવનાત્મક સ્તરે વધુ સમૃદ્ધ બનાવી છે. તેમની ભાષા સરળ હોવા છતાં વિચારમાં ઊંડાણ ધરાવે છે, જે તેમને લોકપ્રિય અને કળાત્મક બંને બનાવે છે.

## 'ખરી મા' વાર્તા: શીર્ષકનું અર્થઘટન

ગુજરાતી સાહિત્યમાં માનવીય સંવેદના, લાગણી અને સંબંધોની ગહન સમજ આપતી અનેક શ્રેષ્ઠ વાર્તાઓ મળી આવે છે. એવી જ એક હૃદયસ્પર્શી અને વિચારપ્રેરક વાર્તા છે ર.વ. દેસાઈની 'ખરી મા'. આ વાર્તા માતૃત્વના સાચા અર્થને ખૂબ જ સરળ પરંતુ અસરકારક રીતે રજૂ કરે છે. જન્મદાતા મા અને પાલનકર્તા મા વચ્ચેનો ભેદ, બાળકના માનસિક

સંઘર્ષ અને પ્રેમની શક્તિ—આ બધાં તત્ત્વોને વાર્તાકારે કુશળતાપૂર્વક ગૂંથી રજૂ કર્યા છે. 'ખરી મા' શીર્ષક જ વાર્તાના મુખ્ય વિચારને સ્પષ્ટ કરે છે. અહીં 'ખરી' શબ્દનો અર્થ માત્ર સાચી કે વાસ્તવિક નહીં, પરંતુ ભાવનાત્મક અને નૈતિક સત્યતાનો સંકેત આપે છે. 'ખરી મા' આ શીર્ષક વાચકને શરૂઆતથી જ વિચારપ્રેરક દિશામાં લઈ જાય છે અને સમગ્ર વાર્તા દરમિયાન આ પ્રશ્ન કેન્દ્રમાં રહે છે.

## વાર્તાનો પરિચય

'ખરી મા' વાર્તાનો કેન્દ્રબિંદુ કુસુમાયુધ નામનો એક બાળક છે, જેના જીવનમાં માતાનું સ્થાન અચાનક ખાલી થઈ જાય છે. આથી તે સ્વપ્નમાં અને જાગૃત અવસ્થામાં પણ મા ને યાદ કર્યા કરે છે. કુસુમાયુધ કહેતો કે 'એ મને લીધા વગર કેમ ગઈ?', 'એ પાછી તો આવશે ને?' વગેરે પ્રશ્નો થકી સૌની આંખમાં આંસુ લાવી દેતાં. એક દિવસ એક યુવાન સ્ત્રીને ઘરમાં જુએ છે એટલે ફરી પાછા એના મનમાં જુદા-જુદા પ્રશ્નો ઉદ્ભવે છે. પિતાના જીવનમાં નવી સ્ત્રી પ્રવેશે છે—જે કુસુમાયુધ માટે 'નવી મા' છે. બાળમનમાં માતા પ્રત્યેનો લગાવ અત્યંત ઊંડો હોવાથી કુસુમાયુધ નવી મા ને સહજ રીતે સ્વીકારી શકતો નથી. તેના મનમાં શંકા, ભય અને અણગમો રહે છે. આ પરિસ્થિતિમાં નવી મા કેવી રીતે પોતાની માતૃત્વભાવના સાબિત કરે છે—તે જ આ વાર્તાનો મુખ્ય વિષય છે.

## કુસુમાયુધનું માનસિક સંઘર્ષ

બાળક માટે મા માત્ર સંબંધ નથી, પરંતુ સુરક્ષા, પ્રેમ અને લાગણીનું પ્રતિક છે. કુસુમાયુધ માટે તેની સાચી મા જ 'મા' છે અને તેના સ્થાન પર બીજી કોઈ આવી શકે—એ વાત તે સ્વીકારી શકતો નથી. નવી મા તેને 'તમે' કહીને બોલાવે ત્યારે તે અસ્વસ્થ થાય છે. તેને લાગે છે કે આ સ્ત્રી તેની સાચી મા બની શકે નહીં. આ રીતે કુસુમાયુધના મનમાં ચાલતો આંતરિક સંઘર્ષ વાર્તાનો મહત્વપૂર્ણ માનસશાસ્ત્રીય પાસું છે. ર.વ. દેસાઈએ બાળકના મનની આ સૂક્ષ્મ લાગણીઓને ખૂબ જ સચોટ રીતે રજૂ કરી છે. કુસુમાયુધનો વિરોધ કઠોર નથી પરંતુ મૌન, અણગમાના રૂપમાં દેખાય છે, જે વાચકને તેની માનસિક સ્થિતિ સમજવામાં મદદ કરે છે.

## નવી 'મા' નું પાત્ર

વાર્તાનું સૌથી શક્તિશાળી અને સંવેદનશીલ પાત્ર નવી 'મા' છે. તે હજી યુવાન છે. 'મા' કે 'બા' શબ્દો સાંભળવા જેટલી તૈયાર થઈ ન હતી. આ શબ્દો તેના માટે વધારે ઘરડા લાગતા હતાં. આમ, વાર્તાની શરૂઆતમાં નવી 'મા'ની મથામણ અને કુસુમાયુધનું મનોજગત ભાષા દ્વારા મૂર્ત કરવામાં આવ્યું છે. આ વાર્તામાં અપર માનું સુંદર ચિત્ર છે.

## બીમારી અને પરિવર્તન

વાર્તાનો વળાંક ત્યારે આવે છે જ્યારે કુમાર ગંભીર રીતે બીમાર પડે છે. આ સમયે નવી 'મા' સંપૂર્ણ સમર્પણ સાથે તેની સેવા કરે છે. દિવસ-રાત તેની પાસે રહી તેની દેખરેખ રાખે છે, ડોક્ટરની દવા સમયસર આપે છે અને તેની નાની-નાની જરૂરિયાતો પૂરી કરે છે. છતાં બાળક સાજો થતો નથી. દિવસે-દિવસે વધુ ને વધુ બીમાર થતો જાય છે. અપર માને ચિંતા થાય છે. જયારે કુસુમાયુધ ઊંઘમાં 'મા' 'મા' શબ્દો ઉચ્ચારે છે ત્યારે કુસુમાયુધ અને અપર મા વચ્ચેનો સંવાદ જોઈએ:

"તે હું જ વળી ખરી મા છું.'

'ખરી મા મને તું કહેતી હતી: તમે નહિ.'

'મેં ક્યારે તને 'તમે' કહીને બોલાવ્યો?' 'માતા જૂઠું બોલી.'

'પણ મારી ખરી મા તો મરી ગઈ ને?'

'તે હું આવી, જોતો નથી?'

'કેમ?'

'ઓ દીકરા, તારે માટે!'

આમ અપર માની અંદર રહેલું માતૃત્વ પ્રગટે છે અને તેને છાતી સરખો લગાડી લે છે. અહીં બાળકને જોઈતું

હતું તે મળે છે અને અપર મા 'ખરી મા' બને છે. આ રીતે 'ખરી મા'નો અર્થ વાર્તાના અંતે સંપૂર્ણ રીતે સ્પષ્ટ થાય છે અને શીર્ષક સાબિત થાય છે.

### ભાષા અને શૈલી : સાદગીમાં ગહનતા

રમણલાલ વસંતલાલ દેસાઈની ભાષા તેમની સૌથી મોટી તાકાત છે. 'ખરી મા' વાર્તામાં ભાષા સરળ, પ્રવાહી અને ભાવનાત્મક છે. તેઓ ભારે અલંકારો કે દાર્શનિક શબ્દપ્રયોગથી દૂર રહે છે. સંવાદો સ્વાભાવિક છે અને પાત્રોના સ્વભાવને ઉજાગર કરે છે. વર્ણનશૈલી શાંત અને સંયમિત છે, જે વાર્તાની ભાવનાત્મક તીવ્રતા વધારવામાં સહાય કરે છે.

### સામાજિક સંદેશ અને પ્રાસંગિકતા

'ખરી મા' માત્ર એક કુટુંબકથા નથી, પરંતુ સમાજ માટે મહત્વપૂર્ણ સંદેશ આપે છે. આજના સમયમાં પણ દત્તક માતૃત્વ, સંભાળ આપનાર અને ભાવનાત્મક સંબંધોની ચર્ચા અત્યંત પ્રાસંગિક છે. લેખકની આ વાર્તા વાચકને માનવીય સંબંધો અંગે પુનર્વિચાર કરવા પ્રેરિત કરે છે. તે બતાવે છે કે સાચા સંબંધો ફરજ અને પ્રેમથી બને છે, માત્ર પરંપરાથી નહીં.

સાહિત્યિક દૃષ્ટિએ 'ખરી મા' ગુજરાતી ટૂંકી વાર્તાના વિકાસમાં મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. તેમાં ભાવનાત્મક સંવેદના, સામાજિક સંદેશ અને કળાત્મક સંતુલનનો સુંદર સમન્વય જોવા મળે છે. વાર્તા કેટલીક જગ્યાએ ભાવનાત્મક બની જાય છે, પરંતુ આ ભાવુકતા જ તેની સૌથી મોટી શક્તિ પણ છે. દેસાઈ વાચકના હૃદય સુધી પહોંચવામાં સફળ થાય છે.

### ઉપસંહાર

આ રીતે 'ખરી મા' એક સરળ પરંતુ અત્યંત અસરકારક વાર્તા છે, જે વાચકના હૃદયને સ્પર્શે છે. તે માતૃત્વની મહાનતાને ઉજાગર કરે છે અને માનવીય સંબંધોની ઊંડાણ સમજાવે છે. ગુજરાતી સાહિત્યમાં આ વાર્તા નિશ્ચિતરૂપે એક મૂલ્યવાન અને સ્મરણિય કૃતિ છે. 'ખરી મા' વાર્તા દ્વારા રમણલાલ વસંતલાલ દેસાઈએ માતૃત્વના ભાવને નવી વ્યાખ્યા આપી છે. તેઓ સ્પષ્ટ કરે છે કે માતૃત્વ રક્તસંબંધથી નહીં, પરંતુ પ્રેમ, ત્યાગ અને જવાબદારીથી ઓળખાય છે.

### સંદર્ભ ગ્રંથો


૧. ટોપીવાળા, ડો. ચંદ્રકાંત, ટૂંકી વાર્તા : સ્વરૂપ અને સિદ્ધાંત, , પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ, ૧૯૯૮

૨. ત્રિવેદી, રમેશ એમ., 'અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ', શબ્દલોક પ્રકાશન, અમદાવાદ, પુનમુર્દ્રણ, ૨૦૧૧

૩. દરજી, ડો. પ્રવીણ,આધુનિક ગુજરાતી ટૂંકી વાર્તા, બી. આર. પબ્લિકેશન્સ, અમદાવાદ, ૨૦૦૪

૪. પાઠક, રા.વિ., 'અર્વાચીન કાવ્ય સાહિત્યનાં વહેણો', ભારતીય સાહિત્ય સંઘ લિમિટેડ, અમદાવાદ, ૧૯૪૭

૫. ત્રિવેદી, રમેશ એમ., અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ, આદર્શ પ્રકાશન અમદાવાદ, ૨૦૧૩

૬. 'સાર્થ ગુજરાતી જોડણી કોશ', ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, પાંચમી આવૃત્તિનું બીજું પુનમુર્દ્રણ, ૧૯૯૮

૭. શર્મા, રાધેશ્યામ, પરંપરાપરકવાર્તાઓ, પાર્શ્વ પ્રકાશન, ૨૦૧૪